માર્ચ-૨૦૨૨

અંક - ૪૫

GSECL

GMDC
FUELING THE GROWTH

# અરૂણોદય

'મેરી આવાઝ હી મેરી પહેચાન હૈ...'


સંપાદકીય બોર્ડ

- શ્રી એચ.જી. દવે
- શ્રી એસ.જે. મહેતા
- શ્રી એમ.એમ.ઠક્કર
- શ્રી પી.ટી.પઢેરીયા






સૂર વિલાયા ,
સ્વર સ્તબ્ધ થયા



અનુક્રમણિકા


- શિક્ષણનું વ્યાપારીકરણ
- માપમાં રહેજો રાજ ! ....
- એકોકિત
- શું ભૂલવું અને શું યાદ રાખવું
- જળ
- યૌવન
- સૂર્યની અજોડ પ્રતિષ્ઠા
- પ્યારા હિન્દુસ્તાન
- સુખની શોધમાં....
- આપણા સ્વાતંત્ર સેનાનીઓ
- ઉતાવળે આંબા ન પાકે
- શાળાની પ્રવૃત્તિઓ


ડિઝાઈનઃ- એમ.એમ.ઠક્કર(મા.શિક્ષક) ૯૦૯૯૯૫૨૪૦૧

## તંત્રી સ્થાનેથી

સર્વે જીએમડીસી , જીએસઇસીએલ કર્મચારી ભાઇઓ-બહેનો , શિક્ષકમિત્રો તથા વિદ્યાર્થીઓ સૌને સાદર વંદન "અરૂણોદય" માર્ચ - ૨૦૨૨ , અંક-૪૫ ને આપ સર્વની સમક્ષ રજુ કરતાં ખૂબ ખૂબ હર્ષની લાગણી અનુભવું છું.

તંત્રી સ્થાનેથી સર્વેને હું આ અરૂણોદય અંકમાં આપ દ્વારા કોઈપણ લેખ આપવામાં આવશે તો તે સ્વીકાર્ય રહેશે. જેથી આજના આ ઓનલાઇન જમાનામાં સુંદર લેખો વાંચવા માટે અને લખવા માટે કર્મચારીઓ તથા તેમના આશ્રિતો પ્રેરિત થશે અને વધુમાં વધુ લેખો આપણે આ અંકમાં સમાવી શકીશું.

તંત્રી





5 મી ફેબ્રુઆરીએ વસંતપંચમી હતી અને 6 ફેબ્રુઆરીએ લતા મંગેશકરજીએ ચીર વિદાય લીધી એટલે એવું કહી શકાય કે વસંતની શીત લહેરો વહેવડાવતો માં સરસ્વતીનો પાવન પર્વ વસંતપંચમી જાણે કે લતાજીની વિદાયનું વસમુ ગીત લઈને આવી પહોંચી . નમ્રતા અને મર્યાદાની મૂર્તિ લતાજી એટલે માં સરસ્વતીની વીણાનો એક તાર. લતાજીએ ભલે દુનિયા માંથી અંતિમ વિદાય લીધી પરંતુ તેમના મધુર અવાજ થકી તેઓ હંમેશા અમર રહેશે. ન ભૂતો ન ભવિષ્યતિ એવા શ્રી લતાજીને કોટિ કોટિ વંદન .

- રેખાબેન જે. ચાંચુ





# શિક્ષણનું વ્યાપારીકરણ



કુ. એન.વી. સોરઠીયા
ઉચ્ચ.માધ્ય.શિક્ષક

વર્તમાન યુગમાં શિક્ષણની ક્ષિતિજો વિસ્તરી છે. શિક્ષણ ચેલેન્જીગ બનતું જઇ રહ્યું છે. સ્પર્ધાઓનું તત્વ વધ્યું છે. વિધાર્થીઓ માટે કારકિર્દીનું ઘડતર એટલું સહેલું નથી. ડગલે ને પગલે સમસ્યાઓ વર્તાય રહી છે. તો વળી **શિક્ષણ ક્ષેત્રે નવા નવા આવિષ્કારો ઉમેરાતા જાય છે.** વૈકલ્પિક શિક્ષણના દ્વાર પણ ખૂલ્યાં છે. પરંતુ આજના શિક્ષણની અંદર દિન પ્રતિદિન ગેરરીતિ , ભ્રષ્ટાચારનો સડો એટલો બધો પેસી ગયો છે કે શિક્ષણના પાયા જાણે હચમચી ગયા છે. શિક્ષણનો વેપાર થવા લાગ્યો છે. મોઘુંદાટ શિક્ષણ મધ્યમ વર્ગ માટે દુષ્કર બનતું જાય છે.

કહેવાતી સ્પર્ધાત્મક પરીક્ષાઓ જાણે વિધાર્થીની હોશિયારીનો એકમાત્ર માપદંડ બની ગઇ છે. **પરીક્ષાના ચોકઠામાં વિધાર્થીનું ભાવિ જાણે કેદ થઇ ગયું છે.** સફળતા પ્રાપ્ત કરવા શોર્ટકટ નો સહારો લેવાય છે.


શિક્ષણની ગુણવત્તા કરતાં વધુ ને વધુ ડિગ્રી ધારી વ્યક્તિઓની જાણે બોલબાલા છે. **વારંવાર ફૂટતા પેપરોથી વિધાર્થીઓનો પરીક્ષા સમિતિ ઉપરથી ભરોસો ઊઠતો જાય છે.** પ્રામાણિકતા જાણે નેવે મૂકાઇ રહી છે. પૈસાના તોલે શિક્ષણ જોખાઇ રહયું છે. સ્પર્ધાત્મક પરીક્ષમાં પાસ થવા માટે લાખો કરોડોના કારોબાર થઈ રહયા છે. પૈસા દેવાવાળા જો તત્પર હોય તઓ લેવા વાળાની તો ક્યા કમી જ છે ?

**પહેલાનું શિક્ષણ ભલે પરંપરાગત વ્યવસાય પર આધારિત હતું** પણ જીવન વિકાસના ઘડતરની સીડી ગણાતું. આજે ફક્ત રોટલા લક્ષી શિક્ષણ બની ગયું છે. નૈતિક મૂલ્યો નું પતન થતું જાય છે. પૈસા આપીને એડમિશન અને નોકરીઓ મેળવાય છે. આ સ્થિતિ ક્યાં જઇને અટકશે તેની કલ્પના જ રૂંવાડા ઉભા કરી દે છે. લાખો રૂપિયા ખર્ચીને વિદેશમાં જઇ મેળવાતા શિક્ષણ દ્વારા સમાજ જાણે ગૌરવ પ્રાપ્ત કર્યુ હોય તેવો રૂઆબ રાખે છે. કદાચ પોતાના દેશમાં કૌશલ્ય કે વિશેષ સિધ્ધિની કદર નહી થતી હોય એટલે વિદેશમાં જઇ પોતાના બુધ્ધિ ધનનો ત્યાં ઉપયોગ કરતાં હશે. પરંતુ ભારત દેશની એવી કેટલીયે હસ્તિઓ ઓછું શિક્ષણ પામેલી હોવા છતાં પોતાના વિશિષ્ટ કૌશલ્યનો લાભ પોતાના દેશ ને આપ્યો છે. જેમકે , હમણાં જ જેમનું અવસાન થયું તેવા **સ્વર સામાજ્ઞી શ્રી લતા મંગેશકર તદ્દન ઓછું શિક્ષણ** હોવા છતાં પૂરા વિશ્વ પર પોતાની અલગ છાપ ઉપસાવી ગયા. તો વળી **સંદીપ મહેશ્વરી** કે જે ભારતના નામાંકિત મોટીવેશનલ સ્પીકર તરીકે આજે પ્રસિધ્ધિ પામ્યા છે . ટૂંકમાં , ઓછું શિક્ષણ હોવા છતાં સખત પરિશ્રમથી પોતાના કૌશલ્યને વિકસાવી જગ વિખ્યાત થયા છે.

શિક્ષણના વ્યાપારીકરણને અટકાવવું એ એકલ દોકલ નું કામ નથી પરંતુ સહિયારા પ્રયત્નથી જ અટકાવી શકાશે. શિક્ષણને કલંકિત થતા અટકાવવાનું કામ આપણા જેવા તમાત જાગૃત નાગરિકોનું છે. આંખ આડા કાન ન કરતાં એ દિશામાં જરૂર વિચારીને આવો **સરસ્વતી નું સાચું પૂજન કરીએ.**



# માપમાં રહેજો રાજ ! ....



હરિસિંહ સોઢા
સેકસન ઓફિસર
સચિવાલય-ગાંધીનગર
(ભૂતપૂર્વ વિદ્યાર્થી)



આ દિન ચારની ચમક ચાંદની,
પછી કાજળકાળી હોય છે રાત
ભરતીમાં ભલે સૌ ભેળાં સાગર,
પડતીમાં કિનારોનો ય ક્યાં સાથ ?
માપમાં રહેજો રાજ !




મધ્યાહનના સૂરજને,
સંધ્યાટાણે ઢળવું પડે છે
ક્ષિતિજ પાર મોઢું સંતાડી
છાને ખૂણે રડવું પડે છે
માપમાં રહેજો રાજ !



ઉછળકુદ કરતો પરપોટો ફોડવા,
છટકું ક્યાં ગોઠવાય છે ?
હોય ગમે તેટલા તિક્ષ્ણ દાંત,
પાણીને ક્યાં બટકુ ભરાય છે?
માપમાં રહેજો રાજ !



ચોરાશીનો ચાકડો ચરર ચર,
કુંભ કેમ કાચા રહી જાય છે ?
કર્મોની કાઠીનો પડે ફટકો
ઠીકરું પછી ક્યાં સંધાય છે !
માપમાં રહેજો રાજ !





સમય સમયની બલિહારી,
કાબે અર્જુન પણ લુંટાય છે
શ્વાનની ન રાખે સાડાબારી
સસાની જો કિસ્મત ફંટાય છે !
માપમાં રહેજો રાજ !
કરજો ઊજળાં કાજ




# એકોકિત



Chanchu Rekhaben J.
Secondary teacher Eng.med.

આપણો ભારત દેશ આઝાદીનો અમૃતમહોત્સવ ઉજવી રહ્યો છે ત્યારે આપણે અનેકરીતે આપણા સ્વતંત્ર સેનાની ઓને યાદ કરીએ છીએ. ભારતને આઝાદી મળ્યાને 75 મું વર્ષ ચાલી રહ્યુ છે. પોતાનું લોહી વહેવડાવી આઝાદી રૂપી અમૃત દેશને ભેટ કરનાર આપણા વીરો અને વીરાંગનાઓએ કેવા ભારતના ભવિષ્યની કલ્પનાઓ સેવી હશે. એક સમૃધ્ધ ભારત . પરંતુ તેઓએ આપેલી ભેટનું આપણે જતન ના કરી શક્યા એ જોઇને તેઓ કેવી વ્યથા અનુભવતા હશે  તે ભારતની એક વીરાંગનાની એકાકિત સ્વરૂપે જોઇએ .





## એકોકિત

"બુંદેલે હરબોલો કે મુંહ હમને સુની કહાની થી
ખુબ લડી મર્દાની વો તો ઝાંસી વાલી રાની થી."

"મેદાને જંગમે મારના હે ફિરંગીસે નહીં ડરના હે."

ઓળખી ગયાને મને  હા હું ઝાંસીની રાણી લક્ષ્મીબાઇ. હું અંગ્રેજો સામે ખુબ લડી , મારા છેલ્લા શ્વાસ સુધી લડી અને એટલે જ ઈતિહાસના પાનાઓ પર લખાયું છે કે ' ખુબ લડી મર્દાની વો તો ઝાંસી વાલી રાની થી '. પણ આ આધુનિક યુગની નારીની હાલત જોઇ મને ખુબ દુઃખ થાય છે. જે દેશની સંસ્કૃતિમાં ' यत्र नार्यस्तु पुजयन्ते रमन्ते तत्र देवता : ' એવું , કહી નારીને સન્માન આપવામાં આવ્યું છે એ દેશમાં બહેનો , દીકરીઓ રોજરોજ લૂંટાઇ રહી છે. અંગ્રેજોતો પરદેશી હતા અને દેશની સંપતિ લૂંટતા હતા પણ મારા દેશના યુવાનોતો પોતાની જ બહેનો દીકરીઓની ઈજ્જત લૂંટી રહયા છે. સ્વામી વિવેકાનંદ , છત્રપતિ શિવાજી અને ભગતસિંહ જેવા વીર પુરુષોનો ઈતિહાસ માત્ર પરિક્ષામાં સારા માર્કસ મેળવવા કે સ્પર્ધાઓમાં નંબર લેવા માટે ઈતિહાસના પુસ્તકોમાં જ રહી ગયો . જ્યારે કે એને જીવનમાં સ્થાન મળવું જોઇએ .

જે દેશના ઈતિહાસમાં તલવાર લઈને લડનારી વીરાંગનાઓ થઇ ગઇ એ દેશની દિકરીઓ પશ્ચિમી સંસ્કૃતિના રંગે એવીતો રંગાઇ ગઇ છે કે સારા - નરસાની ભાન જ ભૂલી ગઇ છે. અનુકરણ કરવુ છે પશ્ચિમનું ને ઉદાહરણ લેવા છે  ઝાંસીની રાણીના. એ દિકરીઓને મારે કહેવું છે કે રાણી ચેન્નમા , રાણી લક્ષ્મીબાઇ ને અહલ્યાબાઈ ભારતની ધરતી પર પેદા થઇ છે નહિ કે પશ્ચિમની .

મારી છબી સરકારી કચેરીઓની દિવાલો પર શાળા – કોલેજોની દિવલો પર માત્ર ધૂળ ખાતી રહી , હું માત્ર ઈતિહાસના પાનાઓમાં રહી ગઇ , સ્ત્રી શક્તિના ભાષણોમાં હું ઉ.દા. બનીને રહી ગઇ ને મારા દેશમાં કેટલીય નિર્ભયાઓ લૂંટાતી રહી.

** અંગ્રેજો દેશની સંપતિ લૂંટવા આવ્યાતા એટલે હું એમના સામે લડી તમે તમારી ઈજ્જત લૂંટનાર સામેતો લડો .
** હું મારા રાજ્યને બચાવવા માટે લડી તમે તમારા સ્વરક્ષણ માટેતો લડો .
** હું હાથમાં તલવાર લઈને લડી તમે સંસ્કારના જોરેતો લડો .
** હું મારા બાળકને પીઠ પર લઈને લડી તમે સંસ્કૃતિને સાથે લઈને તો લડો.
અને પછી  જુઓ દેશમાં  એક નહીં  અનેક લક્ષ્મીબાઇ પેદા થશે.



मेरी रक्षा में करुंगी
देशकी रक्षा में करुगी




# શું ભૂલવું અને શું યાદ રાખવું



વી.જી.રાઠોડ
ઉચ્ચ.માધ્યમિક શિક્ષક

એક ડોક્ટર પોતાની હોસ્પિટલ પર એક અંગત મિત્ર સાથે વાતો કરી રહ્યા હતા. થોડા સમય પછી એક દર્દી ડોક્ટરની ચેમ્બરમાં આવ્યો. ડોક્ટરે મિત્ર સાથેની વાત અટકાવીને દર્દીને તપાસ્યો અને પોતાની પાસે હતી તે દવા દર્દીને આપી ને કહ્યું,"ભાઈ, આ દવા મોઢામાં મૂકીને તરત જ ગળે ઉતારી જજો. વધુ સમય મોઢામાં નહીં રહેવા દેતા."

દર્દી ગયો એટલે બંને મિત્રો ફરીથી વાતે વળગ્યા. હજુ તો વાત આગળ ચાલે એ પહેલા બીજો દર્દી ચેમ્બરમાં દાખલ થયો. ડોક્ટરે એને પણ તપાસી અને દવા આપી. દવાની સાથે સાથે એક સલાહ પણ આપી."ભાઈ, આ દવા મોઢામાં મૂકી ને થોડી વાર ચગળજો અને પછી એને ગળે ઉતારજો."



ડોક્ટરનો મિત્ર વિચારે ચડયો કે બંને દર્દીઓને દવા લેવા માટેની જુદી જુદી સલાહ કેમ આપી?

એમણે પોતાના મિત્ર ને આ પ્રશ્ન પૂછ્યો એટલે મિત્ર એ સ્પષ્ટતા કરતાં કહ્યું ,"અરે દોસ્ત્ એમાં એવું છે કે પહેલા દર્દીને મેં જે દવા આપી એ ખુબજ કડવી હતી એટલે જો મોઢા માં રહે તો આખું મોઢું કડવું થઈ જાય અને બિમારીની સ્થિતિમાં બિચારો વધુ દુઃખી થાય.બીજા દર્દીને જે દવા આપી તે મીઠી હતી એટલે એ જો મોઢામાં રાખી મૂકે તો બધે જ મીઠાશ ફેલાઈ જાય અને આ મીઠાશ ની મજામાં બીમારીનું દુઃખ થોડું હળવું થાય."

આપણા જીવનમાં પણ દવા જેવી જ કડવી અને મીઠી અનેક ઘટનાઓ સતત બનતી રહે છે.કડવી ઘટનાને ગળી જઈ એ મતલબ કે ભૂલી જઈએ અને મીઠી ઘટનાને ચગળીએ મતલબ કે વાગોળીએ તો વિપરિત પરિસ્થિતિમાં પણ જીવન જીવવાની મજા આવશે.

# જળ



"કાશ"
કાશ્મીરા હિમાંશુ ગોર



જળ એ જ જીવન
જન્મ થી મરણ સુધી સાથે રહેતુ જળ,
માતા ના ગર્ભજળ માંથી લોહી માં પરિવર્તિત થતું જળ,
ને મુત્યુ પછી લોહી માંથી પરિવર્તિત થતું જળ.
શરીર માં ને દુનિયા માં પોણા ભાગનું જળ,

સૃષ્ટી ની રચના તો જળ ને;
કદાચ વિનાશ પણ જળ,
જળનું પણ જળ થકી જ જીવન,
બે જળ મળે તો ત્રીજું જીવન,
બે આંખ મળે અને વિખૂટે
તો ખરતા આંસુ પણ જળ.
અથાગ પરિશ્રમ પછી શરીર થી વછૂટતો પરસેવો પણ જળ.
વચન આપીને નિભાવી બતાવે;
એ મરદ મૂછાળા ની ખુમારી નું જળ.
બીજા ના દર્દ ને મહેસુસ કરીને આપણું પણ દિલ દુભાય તો કરૂણા નું જળ.
જળ ને પણ જળ બનવા માટે;
ઉકળી ને વરાળ બનવું પડે છે;
એજ જળ ને જળ પર તરવા માટે થીજી ને બરફ બનવું પડે છે.
જળ એજ જીવન છે;
જો ખરા અર્થમાં જીવવું હોય તો
જળે પણ જડ બનવું પડે છે.



પી.ટી.પઢેરીયા
યોગ શિક્ષક

નવયૌવનમાં વિહરતી યુવતીઓના ભાતીગળ રંગોની રજૂઆત

પુષ્પસમી

# યૌવન

યૌવન એ જ જીવનનું ખરું ધન.
નિર્દોષ બાળપણના નિર્ભિક આનંદનો સંચય કરી ,
ઘડપણમાં નિરાંતે માણી શકાય એવી
જીવતરની મીરાંત એકત્ર કરવાનો અવસર ,
યૌવન સપનાની મહોલાતોમાં રાચે
તો ક્યારેક વાસ્તવની ઠોકરો પણ ખાય.
સમયરૂપી ચાકડે ચઢેલું યૌવન અગણિત અવનવા
અનુભવોનાં આવર્તનોમાંથી પસાર થાય.
પરંતુ ભગવાન અને ગુરુની કૃપા થાય
તો જ ખરા ચારિત્રના ઓજસ પામે.
યુવાનીમા સત્સંગ પામે તો મનખો તરી જાય
અને જો કુસંગ આભડે તો મનખો ડૂબી જાય .
સંયમ , સંપ , સેવા , સહિષ્ણુતા , સકારાત્મકતા ,સચ્ચાઈ, શ્રદ્ધા ,
ભક્તિ અને સત્સંગ એ જ યૌવનના ખરા શણગાર છે .
જો આ સદગુણો સાંપડે તો યૌવનરૂપી બાગ મઘમઘી ઊઠે.
અને ભગવાન અને ગુરુહરીની કૃપા સદા વરસતી રહે.

# સૂર્યની અજોડ પ્રતિષ્ઠા



પી.બી. પ્રજાપતી
ઉચ્ચ.માધ્યમિક શિક્ષક

પ્રતિષ્ઠા પામવી કોને ન ગમે ? દરેક વ્યક્તિ પ્રતિષ્ઠિત થવાની ઝંખના રાખે છે. યેનકેન પ્રકારે પોતાની અલગ છાપ ઊભી કરવાનો પ્રયત્ન કરતો રહે છે. **પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવામાં નિ:સ્વાર્થ વૃતિ જો રાખવામાં આવે તો જ તેનું મહત્વ છે** બાકી તો પદ , **પ્રતિષ્ઠા અને પાવર** મેળવવામાં વ્યક્તિ ઘણી વખત અયોગ્ય રસ્તો પણ અપનાવી લેતી હોય છે. **હેતુની શુધ્ધિ થી અને નિ:સ્વાર્થ વૃતિ** થી પ્રાપ્ત થતી પ્રતિષ્ઠાની એક અલગ જ છાપ હોય છે. બીજાની ખુશામત કે બીજાની ખુશી ખાતર મેળવાતી પ્રતિષ્ઠા દાંભિક જ હોય છે. કુદરતમાં એક એવા તત્વ કે જેની પ્રતિષ્ઠાનું રહસ્ય અનુપમ છે તે છે આપણાં સૂર્ય દેવ .

એક સાધક સૂર્યનારાયણની સામે રોજ સવારે જોતો હોય છે અને રોજ જળની અંજલિ ચડાવે છે , પ્રણામ કરે છે પરંતુ તે સમજી શકતો નથી કે **સૂર્યની આટલી બધી પ્રતિષ્ઠનું કારણ શુ ?** સૂર્ય જેમ ઊર્જા અને શક્તિ પૂરી પાડે છે તેમ સાથો સાથ સળગાવી દે એવા કિરણોથી લોકોને કષ્ટ પણ પહોંચાડે છે. જિજ્ઞાશા વશ તેણે પોતાના ગુરૂને આ અંગે પૂછયું . ગુરૂએ જણાવ્યુ , તેનું એકમાત્ર કારણ છે કે **સૂર્ય દરેક પ્રત્યે સમભાવીછે.** કોઈપણ પરિસ્થિતિ હોય , કોઈપણ ઋતુ હોય તે કોઈપણ પ્રકારના ભેદભાવ વગર સૌને સરખા ભાગે પોતાના કિરણો પહોંચાડે છે. ઉપરાંત આરંભ અને અંતમાં પણ તે એક જેવોજ રહે છે. અર્થાત્ **ઉદય અને અસ્ત બંને સમયે તેનો રંગ લાલ જ રહે છે.** જો સૂર્ય પૃથ્વી ઉપર ન હોય તો જીવનની કલ્પના જ અશક્ય છે.

શિષ્યને સૂર્યની પ્રતિષ્ઠાનું રહસ્ય સમજાઈ ગયું . **સૂર્ય આપણને પ્રત્યેક પરિસ્થિતિમાં પરોપકારી ,સમદર્શી બનવા અને અનુકૂળ કે પ્રતિકૂળ પરિસ્થિતિમાં સમ રહેવાની પ્રેરણા આપે છે.** આપણે આપણી મર્યાદા ઉલ્લંઘવી જોઈએ નહિ. ત્યારે જ આપણે સૂર્યની જેમ પ્રતિષ્ઠા મેળવી શકીએ. સૂર્યના આપણાં ઉપરના અનંત ઉપકારને કદી ન ભૂલીએ. સુર્યાય નમ : , મિત્રાયે નમ : .



# પ્યારા હિન્દુસ્તાન



શ્રીમતી અસ્મીતાબેન એચ. ત્રિવેદી
પ્રાથમિ શિક્ષક

પ્રાચીન સમયથી જ ભારત દેશ સોનાની ચિડિયા તરીકે ઓળખાતો હતો. ભારતની ધન - સંપતિ પર શોષણ થયું તો પણ આ દેશની શાન અને માનમાં કંઇ કમી નથી. ભારત આજે પણ પ્રભાવશાળી દેશમાંનો એક છે. આજે પણ આપણો દેશ કોઇપણ ક્ષેત્રમાં પાછળ નથી. આપણા દેશની આઝાદી મળ્યાંના ૭૫ વર્ષ થવાના કારણે સમગ્ર દેશમાં આઝાદીકા અમૃત મહોત્સવ ઉજવવામાં આવી રહ્યો છે ત્યારે મારી એક રચના અહીં રજૂ કરું છું.

ગાઓ વીરો સૌ મધુરું ગાન ,
જય જય પ્યારા હિન્દુસ્તાન !
બાલ યુવક વૃધ્ધો સૌ મળીને ,
પ્રેમ ભાવથી પ્રેરિત થઈને ,
ગાશું જ્યાં ઊંચો સ્વર દઈને ,
ગૂંજે મા ! તુજ શબ્દ મહાન ....... જય જય પ્યારા
સવાસો કોટી ભારતી મળીને ,
દ્વેશ ઝેર આપસનાં તજીને ,
ગાશું જો નિર્ભય સૌ બનીને ,
સુણીને જગ દેશ સન્માન .......... જય જય પ્યારા
સશક્ત તનમનથી સૌ થઈશું ,
કાયરતા નિશ્ચે ભગાવશું .
માતૃભૂમિના ભક્ત બનીશું ,
તજશું જીવન , તન , ધન , પ્રાણ ..... જય જય પ્યારા
તુજ અર્થે સૌ કોઈ કુરબાન ,
ધન્ય ધન્ય મારા હિન્દુસ્તાન .
સૌમાં સૌથી પૂજ્ય મહાન , જય જય પ્યારા હિન્દુસ્તાન !



# સુખની શોધમાં....





**એ.આર.ડાભી**
ઉચ્ચ.માધ્ય.શિક્ષક

દરેક વ્યક્તિ સુખી થવા માગે છે. દરેકને આ સુખ જોઈએ છે, તો આ સુખ ક્યાંથી મળે?, કેવી રીતે મળે?, શુ સુખને કોઈ પૈસાથી ખરીદી શકાય છે ? ખરેખર તો સુખ કોઈ નક્કર વસ્તુ નથી, કે જેને સ્પર્શી શકાય, પકડી શકાય કે ખરીદી શકાય. તે તો એક ભાવવાચક સંજ્ઞા છે. જેને મેળવવા માટે માણસ જીવનભર વલખાં માર્યા કરે છે. આમ હોવા છતાં સુખ મૃગજળની જેમ આગળને આગળ જાય છે. આ જીવનયાત્રામાં ક્યારેક માણસ સુખનો અનુભવ કરે છે અને એ અનુભવ ફરીથી મેળવવા જીવનભર સતત ઝંખ્યા કરે છે.

કેટલાક વિદ્વાનો માને છે કે, માણસનું જીવન સંપૂર્ણપણે દુઃખમય જ છે. સુખ તો એક નકારાત્મક ખ્યાલ છે. જેટલી ક્ષણોમાં એ દુઃખને ભૂલી શકે છે એટલી જ ક્ષણો સુખમય હોય છે.

તો કેટલાક ચિંતકો એમ માને છે કે, જીવનની દરેક ક્ષણ સુખથી ભરેલી હોય છે પરંતુ મનુષ્ય એનો અનુભવ કરવાને બદલે ભૂતકાળના દુઃખદ સ્મરણોમાં અને ભવિષ્યની ચિંતાઓમાં અટવાઇને વર્તમાનની અમૂલ્ય ક્ષણોને વેડફી નાખે છે.એટલે કે જે માણસ વર્તમાનમાં જીવે છે તે જ સુખનો અનુભવ કરી શકે છે અને તેનું જીવન પૂરી રીતે સુખમય હોય છે.

સુખ માટે કોઈકે સાચું જ કહ્યું છે કે,

" સુખ એટલે તમારી પાસે જે ફૂલો હોય તેમાંથી ગજરો બનાવવાની કલા"

સુખ વિશે આનાથી બીજી કોઈ સારી વ્યાખ્યા હોઈ જ ન શકે. આ નાનકડું વિધાન સુખ માટે ઘણી અગત્યની બાબતો કહી જાય છે. પહેલું તો એ કે સુખ માટે તમારે એનું સર્જન કરવું પડે છે. તમારી પાસે કાચો માલ તો છે પરંતુ તમારે એમાંથી સુંદર સર્જન કરવું પડે છે. ફૂલોમાંથી ગજરાનું સર્જન કરો ત્યારે તમને સુખનો અનુભવ થાય છે.ફૂલોની યોગ્ય ગોઠવણી કરીને તેમાંથી સૌંદર્ય ઉત્પન્ન કરવાનું છે. આપણે માત્ર ફૂલોનો ઉપયોગ કરવાનો છે કાચી સામગ્રી તરીકે, માત્ર ફૂલોનો જ. ફુલ ઉપરાંત કચરો અને કાંટા પણ હોવાના.માત્ર ફૂલ વીણી લઇ ગજરો બનાવવાનો છે.

જે રીતેઆ ફૂલોને લઈને અલગ તારવીને એમાંથી જ ગજરો બનાવવામાં આવે છે તેમ આપણે પણ આપણા દુઃખોનો, કડવાશનો, આઘાતોનો વિચાર કરવાનો નથી. જો સુખી થવું હોય તો ફૂલોનો જ વિચાર કરવાનો છે. આ ફૂલો એટલે માણસની પાસે જે હોય તેના ઉપર જ મદાર રાખવાનો છે.સામાન્ય રીતે માણસ તેની પાસે જે નથી તેના વિચારો કરીને જ દુઃખી થાય છે. દુઃખ આવવા પાછળનું આ મોટામાં મોટું કારણ છે. કે તમે બીજાઓની પાસે જે છે તે મારી પાસે નથી એ પ્રકારનું વલણ માણસને સૌથી વધારે દુઃખી કરશે. માણસે જો સુખી થવું હોય તો તેની પાસે જે ઉપલબ્ધ છે તેનો વિચાર કરીને તેમાંથી સુખ વીણી લેવાનું છે. આ સુખવીણી લેનાર સાચા સુખનો અનુભવ કરી શકે છે.. આજની આધુનિક દોડમાં માણસ એવા સુખની ક્ષણોને મેળવવાને બદલે એ આગળ દોડ્યા જ કરે છે અને આથી તેના ફૂલો કરમાય જાય છે,વાસી થઈ જાય છે, બેકાર બની જાય છે અને પછી તેનું સર્જન થઈ શકતું નથી આમ તે કોઈ આનંદ કે સુખ માણી શકતો નથી.

અંતમા માણસે સુખ તો ફૂલોમાંથી કલાત્મક રીતે પુષ્પગુચ્છ તૈયાર કરવાની ક્રિયા માં રહેલું છે સુખ એ કોઈ નિષ્ક્રિય વસ્તુ નથી એના માટે માણસે પોતે સક્રિય બનવું પડે છે.સુખ તો મનુષ્યની અંદર છે. નકામી અને વ્યર્થ વાતો અને વિચારોમાંથી બહાર આવી સુખને પરોવી લો.



# ઉતાવળે આંબા ન પાકે



જીજ્ઞેશ ગોસ્વામી

એક પ્રાથમિક શાળા છે ચાર-પાંચ વર્ષ થી માંડી ને દશ-અગિયાર વર્ષ ના બાળકો જઈ રહ્યા છે બાળકો એ દફ્તર ના પટા ગળા માં પરોવ્યા છે ને દફ્તર નો ભાર પીઠ પર ઉંચક્યો છે. કદાચ બાળક ના વજન કરતા દફ્તર નું વજન વધારે હશે.તેથી એમના ખભા ધરતી તરફ ઝુકી ગયા  છે.બપોર ની વેળા છે. આકાશ માંથી આગ વર્ષી રહી છે. કેટલાક બાળકો તો થાક્યા છે, ને રોડસાઈડ ના ઝાડ ના છાંયે બેસી પડયાં છે. એમને પોતાને ભણવા નો ખાસ ઉમંગ નથી. માં-બાપ ની મહત્વાકાંક્ષા નો ભાર તેઓ ઊંચકી રહ્યા છે.

એમાંયે જે બાળકો આજે જ શાળા માં દાખલ થવા માટે જઈ રહ્યા છે, એમની દશા દયાજનક છે. વિદ્યામંદિરના  પ્રાંગણમાં પ્રવેશતાં  પહેલા તેઓ  રડારોળ કરી રહ્યા છે. કેટલાક બાળકો તો આગળ ન વધવાની હઠ કરી બેઠા છે. પણ  માં-બાપ કે મોટા ભાઈ-બહેન એનાથીય વધુ હઠીલાં છે એમના કઠોર હાથ બાળક ના કોમલ ગાલ પર તડાતડ ચાલી રહ્યા છે. જીવન ના નવા અધ્યાય નો શુભારંભ થઈ રહ્યો છે ત્યારે આનદ-ઉલ્લાસ હોવો જોઈએ એના બદલે ચારે તરફ કકળાટ વ્યાપી ગયો છે.

કકળાટ કેમ ન વ્યાપે ? કેટલાક ભૂલકાંએ હજુ માંડ  ત્રણ-ચાર વસંત જોઈ હશે ત્યાંજ બળબળતી ગ્રીષ્મ આવી ગઈ. એમના મોઢા માં હજુ ધાવણ ની મ્હેંક છે. તેઓ હજુ પૂરું બોલતા પણ શીખ્યા નથી. પણ ડેડી-મમ્મી ને ખુબ ઉતાવળ છે એમનો લાડકો કડકડાટ 'ટવીન્કલ ટવીન્કલ લીટલ સ્ટાર' બોલે તેની. પોતાના બાળક ને ઝટપટ પોપટ બનાવી દઈ ને સગાંવહાલાં  આગળ એમને રોફ મારવો  છે.

પરંતુ બાળક નું ગજુ ઘણું નાનું છે, ને માં-બાપ ની અપેક્ષાઓ ઘણી મોટી છે. બાળક ની શક્તિ નું માપ વિચાર્યા વિના જ માં-બાપે એમની પાસે થી અઘરું કામ લેવા માંડયુ છે. 'મિ.શર્માની રીમ્પલ ચાર વર્ષ ની વયે  કે. જી. પાસ કરી ને કોન્વેન્ટ માં દાખલ થઈ, તો મારી ડીમ્પલ કઈ કમ છે ?'  મિ.વર્મા વિચારે છે. તો વડીલ મિ.મહેતા વિચારે છે કે,પડોશી નો અંકુર એન્જીનીયર થયો, તો મારા દીપક ને ડોક્ટર બનાવી ને જ ઝંપીશ. વાતાવરણ માં જીવલેણ સ્પર્ધા છે. માસુમ ફુલ એનો ભોગ બની રહ્યા છે.

એ વાત સાચી છે કે વિકાસ ની અનંત સંભાવનાઓ સાથે બાળક જન્મે છે,પણ  સુષુપ્ત શક્તિઓ પ્રગટવાની યોગ્ય ઉમર હોય છે. વળી, સુષુપ્ત શક્તિઓ પ્રગટાવાના યોગ્ય કીમિયા આપણે હજુ ક્યાં જાણી શક્યા છીએ ? એના બદલા માં ઊંટવૈદું  તો ન જ કરાય.

વિકાસ ની પ્રક્રિયા માં સમય નું તત્વ **(Time Element)** અગત્ય નો ભાગ ભજવે છે.  ઘઉં ચાર મહીને જ પાકે. આંબો ચાર વર્ષે જ કેરી આપે. ગર્ભ વિકસિત થઈ ને નવ મહીને જ શિશુરૂપે અવતરે. એમાં આપણી ઉતાવળ કામ ન આવે.  જો કે આજે દવાઓ કે રસાયણો ધ્વારા ઝડપથી અનાજ, ફળફળાદિ પકવી શકાય છે, પણ એમાં રસ, કસ ક્યાં હોય છે ?

ગાંધીજી એ કહ્યું છે કે, ઉતાવળ એ પણ હિંસા છે. ઉતાવળ માંથી હિંસા જન્મે છે. ઉતાવળે પરિણામ મેળવવાની લાહ્ય માં આપણે કુમળી કળીઓ પર અત્યાચાર કરી એ છીએ.

કળી વિકસી ને આપમેળે જ ફુલ થાય છે. જોરજુલમ થી વિકાસ કરવા જતાં પાંખડીઓ તુટી જાય. અલબત, બાળક ના વિકાસ માં વાલી અને શિક્ષકે સહાયરૂપ બનવાનું છે, પરંતુ બાળક ની શક્તિનો વિચાર કર્યા વિના કેમ ચાલશે ? ગધેડા ઉપર પણ એ સહન કરી શકે એટલો જ બોજ લાદીએ છીએ. બાળક પર વધુ પડતો બોજ લાદવા થી એની શક્તિઓ વિકસવા ને બદલે કુંઠિત થઈ જાય છે. છોડની આસપાસ વાડકાંટો કરવાની, એને પ્રમાણસર ખાતર પાણી આપવા ની  માં-બાપ ની ફરજ ખરી, પણ છોડ વિકસશે તો એની પોતાની આંતરિક શક્તિ વડે જ. એને ખેચી ને લાંબો ન કરી શકાય. બાળક કોમળ છે. એનું મગજ અતિ નાજુક છે. એના પર અયોગ્ય બોજ લાદવો એ અત્યાચાર છે. અસહ્ય બોજ નીચે તૈયાર થયેલા બુધ્ધિજીવીઓ કાં તો યંત્રમાનવ બની જાય છે અથવા સ્પ્રિંગ ઉપર નો બોજ દુર થતાં તે એકદમ છટકે છે ને શરુમાં જણાવ્યા તેવા બેજવાબદાર નાગરિકો પેદા થાય છે. બાળપણ માં ભોગવેલી પીડા નો તેઓ વ્યાજ સાથે બદલો લે છે.

'ઉતાવળે આંબા ન પાકે' : આ કહેવત બાળકના વિકાસના સંદર્ભમાં દરેક વાલીએ પોતાના હૃદય માં કોતરી રાખવી ઘટે.

## શાળાની પ્રવૃત્તિઓ







શાળાના શિક્ષિકા બહેન રેખાબેન ચાચુ એ દોરેલ ચિત્ર



### શાળાના વિદ્યાર્થીઓની ચિત્ર પ્રતિભા





પ્રાન્સુ ટી. પટેલ









અક્ષિતા એચ. જાંબુકીયા







દયાના કે. છાયા





અનિરુદ્ધ એમ. ગઢવી
















# તાલુકા કક્ષાનો કલા મહાકુંભ







